**રાજ્યમાં પી.ટી.સી.પાસ બેરોજગારોની**
**સમસ્યા હલ કરવા બાલગુરુ યોજના.....**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૦૯૬-૩૦૫૦-ક
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૦-૪-૧૯૯૭.

વંચાણે લીધો:- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો
અ.સ.પત્ર ક્રમાંક:૨૯/પનસ/૨/ગુજ/૯૬-૯૭, તા.૨૫-૩-૯૭.

**પ્રસ્તાવના :-**

રાજ્યમાં મોટા પ્રમાણમાં પી.ટી.સી. પાસ બેરોજગારોને નોકરી આપવાની સમસ્યા લાંબા સમયથી સરકારને મુંઝવતી હતી. વિધાનસભામાં પ્રશ્નોત્તરી તેમજ ચર્ચા દરમ્યાન તથા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘે રાજ્યમાં ૨૦,૦૦૦ થી વધુ પી.ટી.સી. પાસ બેરોજગાર હોઈ, તેમને તાત્કાલિક પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કામ આપવા અવારનવાર સૂચનો તેમજ રજૂઆતો કરી હતી. આ સમસ્યાનું સમાધાન લાવવા રાજ્ય સરકાર છેલ્લા થોડા સમયથી ઘનિષ્ઠ વિચારણા કરી રહી હતી અને ચાલુ વર્ષે ૩૫,૦૦૦ જેટલા પી.ટી.સી. બેરોજગારોને બાલગુરુ યોજના હેઠળ નોકરી આપવાનો સંકલ્પ થયો છે.

**ઠ રા વ :**

બાલગુરુ યોજના હેઠળ પંચાયતો તેમજ નગરપાલિકા/મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે જ્યાં શિક્ષકોની જરુરીયાત હોય ત્યાં બાલગુરુ નીમવામાં આવશે. આ નિમણૂંક જે તે ગ્રામ્ય/નગર પંચાયત અથવા નગરપાલિકા/મહાનગરપાલિકા પાંચ વર્ષના બાંધ્યા સમય માટે કરશે.

૨. બાલગુરુની પસંદગી તાલુકા કક્ષાએ સ્થાનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપી એક સમિતિ કરશે, જેના કન્વીનર તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા મામલતદાર-સભ્ય અને કેળવણી નિરીક્ષક -સભ્ય સચિવ તરીકે રહેશે. સમિતિને જરુર જણાય સ્થાનિક માધ્યમિક શાળાના આચાર્ય અથવા સ્થાનિક શિક્ષણવિદ્‌ને આમંત્રિત સભ્ય તરીકે બોલાવી શકશે. નગરપાલિકા વિસ્તારમાં મામલતદાર કન્વીનર, તાલુકા વિકાસ અધિકારી-સભ્ય અને શાસનાધિકારીશ્રી-સભ્ય સચિવ રહેશે. જ્યારે મહાનગરપાલિકા વિસ્તાર માટે જે તે મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી તટસ્થ પસંદગી સમિતિની રચના કરશે. બાલગુરુની પસંદગી પી.ટી.સી. પાસ થયેલ ઉમેદવારોમાંથી ગુણવત્તાના ધોરણે કરવામાં આવશે અને આ ધોરણો અંગે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ વિગતવાર સૂચનાઓ બહાર પાડશે. આ સમિતિ બાલગુરુની પસંદગી કરી ગામવાર ફાળવણી કરશે અને જે તે ગ્રામ પંચાયતે આ રીતે

(પાછળ)

પસંદ થયેલ ઉમેદવારોને પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી નક્કી કરે તે શરતો અને બોલીઓને આધારે નિમણૂંક આપશે.

૩. જે તે ગ્રામ/નગર પંચાયત/નગરપાલિકા બાલગુરુને રૂા.૨૦૦૦/- પ્રતિમાસ માનદવેતન આપશે અને તેને માટે રાજ્ય સરકાર શૈક્ષણિક ગ્રાન્ટ જે તે ગ્રામ/નગર પંચાયત/નગરપાલિકાને જીલ્લા પંચાયત મારફતે અને મહાનગરપાલિકાને શાસનાધિકારીશ્રી મારફતે ચૂકવશે.

૪. રાજ્ય સરકાર/જીલ્લા પંચાયત જ્યારે પ્રાથમિક શિક્ષકોની ભરતી કરશે ત્યારે પી.ટી.સી. અને સી.પી.એડ. પાસ બાલગુરુને પસંદગીમાં પ્રાથમિકતા આપવામાં આવશે. આ માટે જરૂરી સૂચનાઓ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ બહાર પાડશે.

૫. જો કોઈ ગામની પ્રાથમિક શાળામાં બાલગુરુની નિમણૂંક માટે પી.ટી.સી. પાસ ઉમેદવાર ન મળે તો બી.એ.બી.એડ. અથવા અન્ય શૈક્ષણિક લાયકાત જેવી કે સી.પી.એડ. ધરાવતા ઉમેદવારોની તાલુકા સમિતિ પસંદગી કરી શકશે. આ અંગે વિગતવાર સૂચનાઓ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ બહાર પાડશે.

૬. પ્રથમ તબક્કે રાજ્ય સરકાર ૧૫,૦૦૦ બાલગુરુની નિમણૂંક માટે ઠરાવે છે. બાલગુરુની જીલ્લાવાર ફાળવણી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ કરશે. આ અંગેનો ખર્ચ માંગણી નં.૮ "મુખ્ય સદર-૨૨૦૨, સામાન્ય શિક્ષણ-૦૧-પ્રાથમિક શિક્ષણ-૧૦૪-શિક્ષકો અને અન્ય સેવાઓ-૧૨ પ્રાથમિક શિક્ષણ માટે નિભાવ અનુદાન (ક) પંચાયતોને (ખ) સ્થાનિક સંસ્થાઓ વિગેરે" હેઠળ ઉધારવાનો રહેશે.

૭. આ હુકમો માટે શિક્ષણ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૪-૭-૯૭ની નોંધથી મંજૂરી મળેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.ડી.પાંડોર)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માનનીય મંત્રીશ્રીઓ/માન.રા.ક.મંત્રીશ્રીઓ/મા.નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તમામ કલેક્ટરશ્રીઓ
તમામ તાલુકા મામલતદારશ્રીઓ/તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે શાસનાધિકારીશ્રીઓ/નગર પંચાયત/નગરપાલિકા/મહાનગરપાલિકાઓ
તમામ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર